નં. ટીપીડી/ આ / ૨૬૫૦
તા.૨૭/ ૦૮/૨૦૦૯

તિ,
ધિક મુખ્ય સચિવશ્રી,
હેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
લોક નં.૧૪, સચિવાલય,
ાંધીનગર.

વિષય:– મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૭૬ (ડુમ્મસ–વાંટા–ગવિયર)નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભ:– ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ–૧૯૯૯ ની કલમ ૪૧ (૨)

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૭૬ (ડુમ્મસ–વાંટા–ગવિયર) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૯/૨૦૦૯, તા. ૦૭/૦૮/૨૦૦૯ થી જાહેર કરવામાં આવેલ છે. જે અંગેનું અધિસુચન સરકારી રાજપત્રમાં તા.૨૫/૦૮/૨૦૦૯ના સેન્ટ્રલ સેકશન પાર્ટ–૨ અસાધારણના પાના નં.:૪–૫માં પ્રસિધ્ધ થયેલ છે. તેમજ સદર અધિસુચન સ્થાનિક દૈનિક પત્રો (૧)સંદેશ અને (૨)ધબકારમાં તા.૨૬/૦૮/૨૦૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિકપત્રો, સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ કરેલ અધિસુચન તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની એક–એક નકલ આ સાથે સામેલ કરેલ છે.

વધુમાં સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતુ તેમજ સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન કચેરીના નોટીસ બોર્ડ ઉપર ગેજેટની નકલ તેમજ પાર્ટ પ્લાન પ્રસિધ્ધ કરેલ છે. જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(જે.એમ.પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

બિડાણ:– મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરતનં.: ૭૬ (ડુમ્મસ–વાંટા–ગવિયર)ની હદ દર્શાવતા નકશાની નકલ તથા ઉપર મુજબ

નકલ સ. રવાના:– મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયું તથા બીજો માળ, બ્લોક નં.૧૪, જૂનુ સચિવાલય, ગાંધીનગર પ્રતિ... જાણ સારૂ.